## રિવાઇન્ડ 2025

- વલસાડ જિલ્લામાં પહેલીવાર ભૂપેન્દ્ર દાદાનું બુલડોઝર ફરી વળ્યું
- ઉમરગામમાં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનારને અંતિમ શ્વાસ સુધીની કેદ
- ડાંગના જંગલમાં ભીષણ આગ ભભૂકી .
- દમણના એપાર્ટમેન્ટમાં તાણી બંધાયેલી ગેરકાયદે મસ્જિદનું ડિમોલીશન
- નવસારીમાં માછીમાર પાસેથી 15 હજારની લાંચ લેતા આસિ. સુપ્રિ. ઓફ ફિશરીઝ ઝડપાયો
- ઉમરપાડાની વડપાડા રેન્જમાં વનકર્મીઓ પર દબાણકારોનો હિંસક હુમલો
- વાપીમાં ઓનર કિલિંગ, ભાઇઓએ બહેનને મારી નાંખી
- ખેરગામનો કોન્સ્ટેબલ 1 લાખની લાંચ લેતા ઝડપાયો
- નવસારી ગ્રીડની બંધ રાઇસ મિલમાં બે લાશ દાટી દેવાઇ હતી
- સાયખાની કંપનીમાં વિસ્ફોટમાં ત્રણ લોકોનાં મોત થઇ ગયા હતા. આ કંપની ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં કાર્યરત હતી.
- સ્કૂલબેગમાં છરી લાવ્યો અને છૂટતી વખતે 5 વિદ્યાર્થીને મારી દીધી
- દાનહમાં વિકલાંગ પુત્ર-પુત્રીને ઝેર પીવડાવી મારી નાંખી પિતાનો આપઘાત

# વાવાઝોડા અને વરસાદે નવસારી-વલસાડને ધમરોળ્યું





ઉપરવાસમાં ભારે વરસાદને પગલે પૂર્ણા નદીનું જળસ્તર વધતાં નવસારીમાં પૂર્ણા નદીએ ભયજનક સપાટી વટાવી હતી. શહેરના ભેંસતખાડા, માછીવાડ, ગધેવાન મહોલ્લો, રંગૂનનગર, વિરાવળ જકાતનાકા સુધી પૂર્ણા નદીના પૂરના પાણી ફરી વળ્યા હતા. ઉપરવાસના વરસાદને પગલે પૂર્ણા નદી ભયજનક સપાટી 23 ફૂટ વટાવી 26 ફૂટે વહેતા નવસારી શહેરના નીચાણવાળા ભેંસતખાડા, માછીવાડ, કમેલારોડ, ગધેવાન સહિતના વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતાં લોકોનું સ્થળાંતર કરી સલામત સ્થળે ખસેડાયા. જિલ્લાના 81 માર્ગ બંધ કરવા પડ્યા હતા. તો વલસાડમાં વરસાદનું જોર વધતાં તાલુકાના અનેક ગામોમાં પાણીનો ભરાવો. મોગરાવાડી ગરનાળામાં પાણી ભરાયા, સેગવી ગામે માર્ગો પરથી નદી વહી. વલસાડ પાલિકાએ પ્રિમોન્સૂન માટે ખર્ચેલા 80 લાખ પાણીમાં વહી ગયા. નવસારી જિલ્લાના ચીખલી અને વાંસદાના વિવિધ વિસ્તારોમાં મીની વાવાઝોડું, ભારે વરસાદ સાથે વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. જેના કારણે 20 જેટલા ગામો અસરગ્રસ્ત થયા હતા. વલસાડ જિલ્લા દરિયાકાંઠાનાં 40 થી 50 જેટલા ઘરોના પતરા ઉડી ગયા હતા, જ્યારે ઘરવખરી સહિત મકાનોને પણ મોટું નુકસાન થયું છે. તો માછીમારોની સાતથી આઠ જેટલી બોટને પણ નુકસાન થયું હતું. વલસાડમાં તો નવરાત્રિના ગરબાના ડોમ પણ ઉડી ગયા હતાં.

## વાપીમાં પત્નીની હત્યા અને બાળકીની હત્યા કરનારા બે નરાધમોને ફાંસી

વાપીના ડુંગરા વિસ્તારનો છે, જ્યાં એક શ્રમજીવી પરિવારની માત્ર 6 વર્ષની માસૂમ બાળકીને આરોપી રઝાક સુભાન ખાન (ઉં.વ. ૪૨) ચોકલેટની લાલચ આપીને ઝાડીઓમાં લઈ ગયો હતો, જ્યાં તેણે પહેલા બાળકી પર બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો અને પછી તેની હત્યા કરી દીધી હતી. બાદમાં ઘટના પ્રકાશમાં આવતાં વાપીના ડુંગરા પોલીસ સ્ટેશને તાત્કાલિક ગુનો નોંધી આરોપીને ઝડપી પાડ્યો હતો અને કોર્ટ કેસ ચાલ્યો હતો.4 વર્ષ પહેલાની વાત છે. વાપીના ડુંગરી ફળિયામાં લક્ષ્મીકાન્ત ઉર્ફે ભોલા મુચકુંદલાલ વિશ્વકર્મા તેની પત્ની સાથે રહેતો હતો. નોકરી અર્થે આ પરિવાર વાપીમાં વસ્યો હતો. પતિ અને પત્ની બંને યાદવની ચાલીમાં ભાડાના રૂમમાં વસવાટ કરતાં હતા અને આર્થિક ઉપાર્જન માટે બંને નોકરી કરતાં. પણ આરોપી પતિ પત્ની સાધનાદેવી સાથે અનેક વખત બખેડો કરતો હતો. જેનું મૂળ કારણ લક્ષ્મીકાન્તનો શંકાશીલ સ્વભાવ હતો. તે સતત તેની પત્ની અન્ય પુરુષ સાથે સંબંધ રાખે છે તેવા આરોપ કરી ઘર કકળાટ કરતો હતો.

## જોળવાની સંતોષ મિલમાં આગ લાગતાં 10 ભડથું



પલસાણા તાલુકાના જોળવા ગામમાં આવેલી સંતોષ ટેક્સટાઇલ મિલમાં 1 સપ્ટેમ્બરે ડ્રમ ફાટવાની દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં બે લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. 20 જેટલા લોકો ઇજાગ્રસ્ત થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન કુલ 12 લોકોના મોત થયા હતા. આ ઘટનામાં પોલીસ મિલ માલિક સહિત 4 આરોપીની પોલીસે અટકાયત કરી હતી.

## પ્લેન ક્રેશમાં સુરતના 11 સહિત દ.ગુજરાતના 19 પ્રવાસીનાં મોત



સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી પણ પ્રવાસીઓ લંડન જવા માટે અમદાવાદ એરપોર્ટથી વિમાનમાં બેઠા હતા. સુરતના 11 સહિત દક્ષિણ ગુજરાતના 19 પ્રવાસીઓના મોત થયા હતા. વિમાની હોનારતમાં એક સુરતના જાણીતા તબીબ દંપતી હતા તો બીજા વાપીના જાણીતા ઉદ્યોગપતિ હતા. ત્રણ તો એવા પ્રવાસી હતી કે જેમને રિવાર સુરતમાં હતો અને તેઓ લંડન જવા માટે નીકળ્યા હતા. બાકીના પત્ની અને પરિવારો સાથે નીકળ્યા હતા. તો કેટલાકને કાળ ખેંચી ગયો હતો. આ દુર્ઘટના બાદ મૃતકોની ઓળખ, DNA ટેસ્ટ અને મૃતદેહ મેળવવામાં પરિવારોને ઘણા દિવસ રાહ જોવી પડી હતી. અને આ દિવસો પરિવાર માટે કાલીમા લઈને આવ્યા હતા.

## ડાભેલમાં સુરત પોલીસે સલમાન લસ્સીના પગમાં ગોળી મારી



નવસારીના ડાભેલમાં સુરત ક્રાઇમ બ્રાન્ચના એન્કાઉન્ટરમાં કુખ્યાત સલમાન લસ્સીને પગમાં ગોળી વાગી હતી. ભેસ્તાનની હત્યા કેસના આરોપીએ પીઆઇ સોઢા પર ચપ્પુથી હુમલો કરતાં પોલીસે ગોળીબાર કરવો પડ્યો હતો.શહેરના કુખ્યાત ગુનેગાર સલમાન લસ્સી પર સુરત ક્રાઇમ બ્રાન્ચે ફાયરિંગ કરી તેને ઝડપી લીધો છે. નવસારી જિલ્લાના ડાભેલ વિસ્તારમાં થયેલી આ ઘટનાએ હલચલ મચાવી દીધી છે. મળતી માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચની ટીમ બાતમીના આધારે ગુરુવારે ડાભેલ પહોંચી હતી, જ્યાં સલમાન લસ્સી છુપાયો હોવાની માહિતી મળી હતી. પોલીસે ઘેરાવ કરતાં જ સલમાન લસ્સીએ ચપ્પુ વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો, જેના જવાબમાં પોલીસે સ્વરક્ષાર્થે ફાયરિંગ કર્યું હતું.

## પિતૃઓના મોક્ષ માટે જનેતાએ બે સગા પુત્રની બલી આપી




નવસારી જિલ્લાના બીલીમોરા નજીક દેવસર ગામેથી એક અત્યંત ચોંકાવનારી અને કરુણ ઘટના સામે આવી છે, જ્યાં એક માતાએ જ પોતાના બે માસૂમ બાળકોની નિર્દયતાથી હત્યા કરી નાખી છે. માનવતાને શર્મસાર કરતી આ ઘટના મધરાતે દેવસર ગામમાં આવેલા મહારાજા એપાર્ટમેન્ટમાં બની હતી. પિતૃઓની આત્માની શાંતિ માટે આ હત્યા કરવામાં આવી હતી. આ માતાની માનસિક સ્થિતિ સારી નહીં હોવાનું બહાર આવ્યું હતું.

## બીલીમોરામાં SMCની ટીમ પર લોરેન્સ બિશ્નોઇ ગેંગનું ફાયરિંગ



બીલીમોરાના સોમનાથ મંદિરન પાર્કિંગમાં સ્ટેટ મોનિટરિંગ સેલ અને હથિયારની હેરાફેરી કરનાર ગુંડાઓ વચ્ચે સામસામે ફાયરિંગ થયું હતું જેમાં એક બદમાશના પગમાં ગોળી વાગી હતી. પોલીસ પરપ્રાંતના ચાર આરોપીની ધરપકડ કરી હતી. નવસારી જિલ્લાના બીલીમોરા શહેરમાં ફિલ્મી દ્રશ્યો જોવા મળ્યા હતા. SMC અને કુખ્યાત બિશ્નોઇ ગેંગ વચ્ચે ફાયરીંગની ઘટના બની છે. જેમાં એકને ગોળી વાગતા બીલીમોરા સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો છે. ત્રણની ધરપકડ SMC દ્વારા કરવામાં આવી છે. 3 વેપન અને 27 કારતુસ SMC દ્વારા કબજે કરવામાં આવ્યા છે. ચાર પૈકી એક મધ્યપ્રદેશ અને ત્રણ રાજસ્થાનના હોવાની માહિતી સામે આવી છે.



## વલસાડમાં ઔરંગા નદી પર બની રહેલા બ્રિજનું સ્ટ્રક્ચર તૂટી પડ્યું

વલસાડની ઔરંગાનદી ઉપર બની રહેલા બ્રિજનું સ્ટ્રક્ચર પત્તાના મહેલની માફક કડડભૂસ થઇ ગયું હતું. કૈલાશરોડ ઉપર 43.42 કરોડના ખર્ચ આકાર લઇ રહેલા આ બ્રિજ દુર્ઘટનામાં પાંચ શ્રમિકોને ઇજા પહોંચી હતી. જાનહાનિ તો ટળી હતી પરંતુ સરકારી કોન્ટ્રાક્ટરોની કામગીરી પર ફરી એક વખત પ્રશ્નો ઊભા થયા હતાં.

## વલસાડમાં ડીઆરઆઇના દરોડા, 22 કરોડની અલ્પ્રાઝોલમ નામની દવા જપ્ત




ડીઆરઆઇએ વલસાડમાંથી અલ્પ્રાઝોલમ નામની 22 કરોડની દવા સાથે ચારની ધરપકડ કરી હતી. વલસાડ તિથલરોડનો ચંદ્રકાંત છેડા બે મજૂરોને રાખીને આ વેપલો ચલાવતો હતો.ફેક્ટરીના માલિકો તરીકે ચંદ્રકાંત કેછડા અને અશોક મુળજી પીઠારીયાની ઓળખ થઈ હતી. ડીઆરઆઈએ આરોપીઓના રિમાન્ડ મેળવીને વધુ તપાસ હાથ ધરી હતી .આ ફેક્ટરી વલસાડના અટગામ વિસ્તારમાં લાયસન્સ વિના છેલ્લા એક વર્ષથી ચાલતી હતી. દરોડા દરમિયાન ડ્રગ્સના જથ્થા ઉપરાંત આરોપીઓ પાસેથી મશીનરી, કેમિકલ્સ અને અન્ય મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો હતો. જેમાં 9.55 કિલો ફિનિશ્ડ અલ્પ્રાઝોલમ અને 104.15 કિલો સેમી-ફિનિશ્ડ ફોર્મમાં જપ્ત કરવામાં આવ્યો હતો. આ સિવાય 431 કિલો કાચો માલ અને રસાયણોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

## વાપીમાંથી 30 કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું



ATS એ દમણ પોલીસ અને વલસાડ SOGના સહયોગથી ગુરુવારે દમણમાં એક ગુપ્ત ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે, જ્યાં સિન્થેટિક ડ્રગ મેફેડ્રોન (MD)નું મોટા પાયે ઉત્પાદન થતું હતું, જે વાપીના ચાલા વિસ્તારમાં આવેલા એક બંગલામાં સ્ટોર કરવામાં આવતું હતું. ATS ટીમે આ ઓપરેશનમાં રૂ. 30 કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતો 5.9 કિલોગ્રામથી વધુ નશીલો પદાર્થ જપ્ત કર્યો છે.




## બારડોલીના એનઆરઆઇની અમેરિકામાં ગોળી મારી હત્યા

અમેરિકાના પિસ્ટબર્ગ શહેરમાં ફરી એક વખત ગુજરાતી સમુદાયના યુવકની હત્યા કરવામાં આવી છે. પેન હિલ્સ (પેન્સિલવેનિયા) ટાઉનશિપમાં મોટેલના માલિક અને હાઉસ કીપીંગનું કામ કરતા સુરત જિલ્લાના બારડોલી તાલુકાના રાયમ ગામના રાકેશ પટેલ (ઉં. 48) પર અચાનક ગોળીબાર કરીને હત્યા કરવામાં આવી છે. આ અંગત દુશ્મનીથી પ્રેરિત હત્યા માનવામાં આવી રહી છે, અને પોલીસે આરોપીને તાત્કાલિક ઝડપી પકડી લીધો છે. રાયમ ગામ અને પાટીદાર સમાજમાં આ ઘટનાએ શોકનો મોજો ફેલાવી દીધો છે. તાજેતરમાં અમેરિકામાં થયેલી અન્ય ગુજરાતી હત્યાઓ પછી આ ઘટના NRI સમુદાયમાં ભય અને રોષની લાગણી વધી રહી છે.

## વાલિયામાં શિક્ષક દંપતીની લોહીલુહાણ હાલતમાં લાશ મળી




વાલિયામાં પોતાના જ આલીશાન મકાનમાં રહેતા શિક્ષક દંપતીની લોહીથી લથબથ લાશો મળી આવવાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે. બુધવારે આખો દિવસ દંપતીનો બંગલો બંધ રહેતાં પાડોશીઓ શંકાકુશંકા ગઇ હતી.



## સોનગઢમાં બે દીકરી સાથે પરિણીતાએ નહેરમાં ઝંપલાવ્યું

વ્યારાઃ સોનગઢમાં જમવાનું બનાવવા જેવી સામાન્ય બાબતમાં માતાએ પોતાની બે દીકરી સાથે નહેરમાં ઝંપલાવી સામૂહિક રીતે આપઘાત કરતાં પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પારિવારિક તણાવમાં આવેશમાં આવી માસૂમ બે બાળકી સાથે

## પર્યટન સ્થળ દમણમાં સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

દમણ : સંઘપ્રદેશ દમણમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાના પર પોલીસે દરોડો પાડી સ્પા સંચાલક એક મહિલાની ધરપકડ કરી છે. જ્યારે સ્પા સેન્ટરમાંથી 5 મહિલાને પોલીસે ઉગારી લીધી હતી.



- વ્યારાની નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીનું બહેનપણીઓ સામે જ અપહરણ
- બીલીમોરામાં ગુડ્ઝ ટ્રેનની અડફેટે આવી જતા બે યુવાનનાં મોત
- ધરમપુરમાં એક જ ફળિયામાં રહેતા પ્રેમીપંખીડાનો ફાંસો ખાઈ આપઘાત

- એશિયા કપ માટે ઓમાનની ટીમમાં મૂળ સિસોદ્રાના યુવાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મૂળ બારડોલીના પારડીમાં જન્મેલો જીતેન રામાનંદી બરોડા ક્રિકેટ એસોસિએશન તરફથી પણ રમ્યો હતો



## છોટા ઉદેપુરના બોડેલીમાં તાંત્રિકે ચાર વર્ષની બાળકીની બલી ચડાવી



છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના પાણેજ ગામે તાંત્રિક વિધિ માટે એક ભુવાએ પાંચ વર્ષની બાળકીને કુહાડીના ઘા મારી બલી ચઢાવી બાળકીનું લોહી તાંત્રિક વિધિની મૂર્તિઓ ઉપર ચઢાવ્યું હતું. આ તાંત્રિક એક બાળકીની બલી ચઢાવ્યા બાદ ખભે કુહાડી મૂકી અને બાળકીના નાના ભાઈની બલી ચઢાવવા માટે લઈ જવાનો પ્રયાસ કરતા બાળકની માતાએ તાંત્રિક સામે પડકાર ફેંકી અને દોઢ વર્ષના પુત્રને બચાવ્યો હતો.

## કામરેજમાં આરએફઓ પત્ની પર આરટીઓ પતિનું ફાયરિંગ



સુરતમાં મહિલા RFO સોનલ સોલંકી પર ફાયરિંગ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. લાંબી સારવારને અંતે RFO સોનલ સોલંકી દમ તોડ્યો હતો. છેલ્લા 48 દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી અને આખરે તેમનું મોત નીપજ્યું છે. ઉલ્લેખનીય છે કે, RTO ઇન્સ્પેક્ટર પતિ નિકુંજ ગોસ્વામીએ સોનલ સોલંકી પર ફાયરિંગ કરાવ્યું હતું. 6 નવેમ્બરના રોજ સોનલ સોલંકી પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે હાલ RTO ઇન્સ્પેક્ટર પતિ નિકુંજ ગોસ્વામી તેમજ ફાયરિંગ કરનારો આરોપી જેલમાં છે. જ્યારે લાંબી સારવાર બાદ આજે સવારે RFO સોનલ સોલંકીનું મોત નીપજ્યું છે.